જનસંપર્ક અધીકારી દ્વારા
પોલીસ કમિશનરશ્રીની કચેરી,
અમદાવાદ શહેર (P.R.O.)
ટેલીફોન નંબર ૨૫૬૩૩૩૩૩
કંટ્રોલરૂમ ટેલી.નં. ૨૫૬૩૦૧૦૦,૨૫૬૩૦૨૦૦,
૨૫૬૩૦૪૦૦ ફેક્સઃ ૨૫૬૩૦૬૦૦

**તા.૩૧/૦૫/૨૦૨૩ બુધવાર**

# અમદાવાદ શહેર પોલીસ સમાચાર

## નશાબંધી તથા જુગાર ધારા હેઠળ ઝડપાયાઃ- સમાચાર યાદી નં.૮૭૦/૨૦૨૩

શહેર પોલીસે ગઈકાલે નશાબંધી ધારા હેઠળ ૫૮ કેસ કરી, ૫૮ વ્યક્તિઓને ઝડપી, ૨૪૪ લીટર દેશી દારૂ, ૪૯૪ ઈંગ્લીશ દારૂ, ૧૯૪૩ ક્વાર્ટર ઈંગ્લીશ દારૂ, ૬૪૯ બિયર ટીન, ૧ કાર, ૧ પેક-અપ ગાડી અને ૧ રિક્ષા કબજે કરી હતી. તેમજ જુગાર ધારા હેઠળ ૨ કેસ કરી ૪ વ્યક્તિઓને ઝડપી રોકડ રૂપિયા ૧૧,૬૪૦/- અને જુગારના સાધનો કબજે કર્યા હતા.

## તકેદારીના પગલા હેઠળ ઝડપાયાઃ- સમાચાર યાદી નં.૮૭૧/૨૦૨૩

શહેર પોલીસે ગઈકાલે તકેદારીના પગલા હેઠળ સી.આર.પી.સી.૧૦૭,૧૦૯,૧૧૦,૧૫૧ મુજબ ૩૫૮ વ્યક્તિઓની અટકાયત કરી હતી. તેમજ પ્રોહી.૯૩ મુજબ ૪૫ વ્યક્તિઓની અટકાયત કરી હતી.

## છેતરપીંડીની ફરીયાદઃ- સમાચાર યાદી નં.૮૭૨/૨૦૨૩

**નવરંગપુરાઃ** શૈલેષકુમાર કનુભાઈ ઠક્કર (રહે. નાગરદાસની ખડકી રામજી મંદીર સામે વાસદ તા.જી-આણંદ) એ તા.૩૦/૦૫/૨૦૨૩ ના રોજ નવરંગપુરા પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે શૈલેષકુમાર ઠક્કર એ તેમના મિત્રોને વિદેશ અભ્યાસ માટે જવાનુ હોઈ શૈલેશકુમાર ઠક્કરના સંપર્કમાં આવેલ અને નવરંગપુરા સી.જી.રોડ ગણેશ પ્લાઝામાં ઓફીસ નંબર-૨૦૧ ધરાવતા એહમદઅબ્બાસ ગુલામઅબ્બાસ ખનુસીયા (રહે. ૨૬૭ કાઠવાડ પ્રાથમિક શાળા સામે કાઠવાડ હાપા હીમ્મતનગર) ને વિદેશ અભ્યાસ માટે વાત કરતા તા.૨૭/૧૧/૨૦૨૧ થી તા.૩૦/૦૫/૨૦૨૩ સુધીના સમયગાળા દરમ્યાન એક મિત્રને યુ.કે (લંડન) હેરો શહેરની ગ્રાથમ કોલેજમાં ફી ૭૫,૦૦૦/- તેમજ કેનેડાની બીટીશ કોલંબીયા કોલેજ ફી ૩,૮૬,૦૦૦/- ઓનલાઈન ભરાવડાવી હતી. ત્યારબાદ શૈલેષકુમાર ઠક્કરના મિત્રો કોલેજ ખાતે ગયા હતા જ્યાં કોલેજમાં તેઓની ફી ભરાયેલ અને પરત લઈ લીધેલાનુ જાણવા મળતા આરોપી એહમદઅબ્બાસ ગુલામઅબ્બાસ ખનુસીયાએ ઓનલાઈન ભરેલ ફી ના કુલ રૂપિયા ૪,૬૧,૦૦૦/- પરત મેળવી લઈ વિશ્વાસઘાત અને છેતરપીંડી કરી હતી. આ ગુનાની તપાસ પો.સ.ઈ.શ્રી પી.એમ.ચૌધરી ચલાવે છે.

**ઘરફોડઃ-** **સમાચાર યાદી નં.૮૭૩/૨૦૨૩**

**ઇસનપુરઃ** મધુબહેન વા/ઓ વલ્લભભાઈ પટેલ (ઉ.વ.૬૫) (રહે. શક્તિ ટેનામેન્ટ વિવેકાનંદ રેસીડન્સીની બાજુમાં ઇસનપુર) એ તા.૩૦/૦૫/૨૦૨૩ ના રોજ ઇસનપુર પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૨૮/03/૨૦૨૩ સાંજના ૫/૦૦ થી તા.૩૦/૦૫/૨૦૨૩ સવારના ૮/૩૦ વાગ્યા સુધીના સમયગાળા દરમ્યાન પોતાના મકાનના દરવાજાની જાળીનું તાળું તોડી અજાણી વ્યક્તિ ઘરમાં પ્રવેશ કરી લોખંડની તીજોરીમાંથી સોના-ચાંદીના દાગીના કિમત રૂપિયા ૧,૦૫,૦૫૬/- અને રોકડ રૂપિયા ૧,૦૦૦/- મળી કુલ રૂપિયા ૧,૦૬,૦૫૬/-મતાની ચોરી કરી લઇ ગઈ છે. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી આર.બી.તેલે ચલાવે છે.

**ભુલથી ઝેરી પાવડર પી લેતા મૃત્યુઃ-** **સમાચાર યાદી નં.૮૭૪/૨૦૨૩**

**ઘાટલોડીયાઃ** સુનિલકુમાર ચિમનલાલ પટેલ (ઉ.વ.૬૪) (રહે. શ્રધ્ધાદીપ કોમ્પલેક્ષ શાસ્ત્રીનગર ત્રણ રસ્તા પાસે નારણપુરા) એ તા.૩૦/૦૫/૨૦૨૩ કલાક ૬/૫૫ વાગ્યાના સુમારે પોતાના ઘરે ગરમીને લીધે ગ્લુકોઝ પાવડર પાણી પીવાની ઇચ્છા થતા ભુલથી ઘરમાં પડેલ ઝેરી પાવડર પી લીધો હતો. સારવાર માટે તેમને ઝાયડસ હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા હતા. જ્યાં સારવાર દરમ્યાન તેમનું મૃત્યું નિપજયું હતુ. આ અંગે ઘાટલોડીયા પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ હે.કો.શ્રી લક્ષ્મણભાઇ કાનાભાઇ ચલાવે છે.

**દાઝી જતા મૃત્યુઃ-** **સમાચાર યાદી નં.૮૭૫/૨૦૨૩**

**શાહીબાગઃ** શિતલબહેન વા/ઓ લોકેશભાઇ ડાંગી (ઉ.વ.૩૬) (રહે. રાજહંસ ફિક્સ સેલા બરામપુરા વસઇ વેસ્ટ લાસેન રોડ થાણે મુંબઇ) તા.૧૯/૦૫/૨૦૨૩ ના રોજ શાહીબાગ સર્કીટ હાઉસ પાસે રાધેકુંજ એપાર્ટમેન્ટ ખાતે પોતાના પિતાના ઘરે ગેસ ઉપર ચા બનાવતા હતા ત્યારે અચાનક પહેરેલ કપડે આગ લાગી જતા દાઝી જતા સારવાર માટે તેમને શાહીબાગ રાજસ્થાન હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા હતા. જ્યાં સારવાર દરમ્યાન તા.૩૦/૦૫/૨૦૨૩ ના રોજ તેમનું મૃત્યુ નિપજયું હતુ. આ અંગે શાહીબાગ પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ પો.સ.ઇ.શ્રી એચ.જે.જીતીયા ચલાવે છે.

**આત્મહત્યાઃ-** **સમાચાર યાદી નં.૮૭૬/૨૦૨૩**

**રિવરફ્રંટ વેસ્ટઃ** કપિલભાઈ ડાહ્યાભાઈ કાલા (ઉ.વ.૪૪) (રહે. શ્રીરામ પાર્ક સોસાયટી વિરાટનગર ગોવિંદવાડી પાસે ઈસનપુર) એ અગમ્ય કારણસર તા.૩૦/૦૫/૨૦૨૩ બપોરના ૨/૦૦ વાગ્યા પહેલા શાસ્ત્રીબ્રીજ ઉપરથી નદીમાં પડતું મુકી આત્મહત્યા કરી હતી. આ અંગે રિવરફ્રંટ વેસ્ટ પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ હે.કો.શ્રી રજનીકાંત નથ્થુભાઈ ચલાવે છે.

પોલીસ ઇન્સ્પેક્ટર,
કંટ્રોલરૂમ, અ'વાદ શહેર.
પોલીસ કમિશનર વતી